પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૦/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ આસો વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૬૩

**સુવિચાર**

''સમજણનો સીમાડો જ્યાંથી પૂરો થાય છે, સમસ્યાની સરહદ ત્યાંથી શરૂ થાય છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
દીવાળીના પાવન પર્વે
સ્પે. ઘુઘરા
ધારી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099






## હાર્દિક અભિનંદન

અમરેલીના યુવા ધારાસભ્ય **શ્રી કૌશિક વેકરિયા** ને
ગુજરાત સરકારનાં નવનિયુકત પ્રધાન મંડળમાં
રાજ્યકક્ષાનું કાયદો અને ન્યાયતંત્ર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ,વૈધાનિક
અને સંસદીય બાબતોનું મંત્રીપદ્ મળતા અમો હર્ષ અને
ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને તેઓ
ઉતરોતર રાજકીય ક્ષેત્રે પ્રગતિનાં શિખરો સર
કરે તેવી ખૂબ ખૂબ શુભકામનાઓ

**શુભેચ્છક**

**ભાવીન સોજીત્રા**
ચેરમેન

**ચંદુભાઈ પોલરા**
વાઈસ ચેરમેન

**પી.પી.સોજીત્રા**
ડીરેક્ટર

**સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સ**

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**( માર્કેટયાર્ડ )**
**અમરેલી**

**શ્રી કૌશિક વેકરિયા**
રાજ્યમંત્રી : ગુજરાત સરકાર
કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો
ધારાસભ્ય : અમરેલી-કુંકાવાવ-વડિયા

### ઈંગોરીયાનું યુધ્ધ અને લોકડાયરો યોજાશે

# સાવરકુંડલા ખાતે આજથી બે દિવસીય નાવલી ઉત્સવ : અસ્મિતાનાં ઓવારણા

## સાહિત્યકાર રાજ ગઢવી, કિશન રાદડીયા જમાવટ કરશે

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરની અસ્મિતાઅનેસંસ્કૃતિનાપર્યાયસમાન નાવલી નદીના પુનરાસ્ફુરણ અને શહેરના વર્ષો જુના "રીવર ફ્રન્ટ"ના સ્વપ્નને સાકાર કરવાના પ્રથમ ચરણરૂપે, "અસ્મિતાના ઓવારણાં નાવલી ઉત્સવ"નું બે દિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૯અને૨૦ઓકટોબર ૨૦૨૫ દરમિયાન યોજાનારા આ ઉત્સવમાંસાવરકુંડલાનીઅનોખીઓળખ સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. રમતગમતયુવાઅનેસાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર, અમરેલી જિલ્લા વહીવટ તંત્ર અને સાવરકુંડલા નગરપાલિકાનાં સંયુકત ઉપક્રમે આ ઉત્સવઉજવાશે.

**ઉત્સવના મુખ્ય આકર્ષણો**

: તા. ૧૯/૧૦/૨૫ (રવિવાર) રાત્રે ૯ કલાકે (સ્થળ : રિધ્ધિ સિધ્ધિ ચોક) ગુજરાતનાખ્યાતનામકલાકારોરાજગઢવી, અપેક્ષા પંડયા અને કિશન રાદડિયા જેવા ધુરંધર લોકગાયકો ડાયરાની રોનકમાં ચાર ચાંદ લગાવશે. તા. ૨૦/૧૦/૨૫ (સોમવાર) "બે બે દિવાળી"નો રંગ જામશે. રાત્રે ૯ કલાકે (સ્થળ રિધ્ધિ સિધ્ધિ ચોક) ભવ્ય આતશબાજીનુંઆયોજનઅનેરાત્રે ૧૦ કલાકે (સ્થળ દેવળા ગેઈટ) સાવરકુંડલાનીઅનોખીઓળખસમાન ઈંગોરિયાની લડાઈ (ઈંગોરિયા યુધ્ધ) યોજાશે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનીઅથાગમહેનતઅનેગુજરાત સરકારના રચનાત્મક સહયોગથી આ ઉતસવ નાવલી પટાંગણને આંગણે યોજાઈ રહ્યો છે. ઉત્સવના પ્રારંભ રૂપે નાવલીપટાંગણમાંયુધ્ધનાધોરણેસફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જે 'રીવરફ્રન્ટ'નાસપનાનેસાકાર કરવાની દિશામાં પ્રથમ પગલુંછે.

ગુજરાત સરકારનાં રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા ટીમ અને શહેર ભાજપ ધ્વારા સાવરકુંડલાના તમામ શહેરીજનોનેઆઅનોખાઅનેયાદગાર અવસરે સહર્ષ ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમગ્ર શહેરને અપીલ છે કે આ "નાવલી ઉત્સવ"ને સાથે મળીને માણીએ અને આપણી સંસ્કૃતિ અને અસ્મિતાના ગૌરવને ઉજાગર કરીએ.

# બાબરા પાલિકાનાં પ્રમુખ પ્રવિણભાઈ કરકરે શહેરીજનોને દિપાવલીની શુભેચ્છા પાઠવી



બાબરા, તા. ૧૮

બાબરાનગરપાલિકાપ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા શહેરના લોકોને દિવાપલીના પાવન પર્વની શુભેચ્છાઓ પાઠવી અને નુતનવર્ષની હાર્દિક શુભકામનાઓ સાથે શહેરના લોકોને જણાવ્યું હતું કે આવનારૂ વરસ શહેરના લોકોમાંઉત્સાહ ઉમંગઅનેખુશાલીભર્યુ રહે તેવી રદયની શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલા ખાતે દિવાળી પર્વે ૧૮૦૦ પરિવારોને મીઠાઈ-ફરસાણ કીટનું વિતરણ

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા ભગવાન મહાવીર સ્વામીના અનુયાયી માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન, સાવરકુંડલા (હાલ મુંબઈ) દ્વારા વતન પ્રત્યેની ભાવના અને માનવસેવાના ઉમદાહેતુ સાથે દિવાળીના પવિત્ર તહેવારો નિમિત્તે આ ફાઉન્ડેશન તરફથી અંદાજે ૧૮૦૦ જરૂરિયાત મંદ પરિવારોને મીઠાઈ તથા ફરસાણની કીટનું વિનામૂલ્યે અને આદરપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં પરિવારોએ પ્રેમપૂર્વક લાભ લીધો હતો.

ખેતાણી પરિવાર ફાઉન્ડેશન છેલ્લા આઠ વર્ષથી સાવરકુંડલામાં સતત સેવાકીયપ્રવૃત્તિઓ કરતાંજોવામળેછેચલાવી રહ્યાં છે. સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

આ સંસ્થા પોતાના વતન સાવરકુંડલાખાતેઅનેકલોકોપયોગીસેવાકીય પ્રવૃત્તિઓ કરેછે તેનીઆવીસેવાકીયપ્રવૃત્તિઓ સમાજમાં સેવા, સમર્પણ અને વતનપ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂ પાડે છે.

### જેશીંગપરા વિસ્તારમાં

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયા રાજયમંત્રી બનતા આતશબાજી

## ભાજપનાં કાર્યકર્તાઓ ખુશીથી ઝુમી ઉઠયા



અમરેલી, તા. ૧૮

અમરેલી વડિયા કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્ય તેમજ ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાને મંત્રીમંડળ માં સ્થાન મળ્યું છે એ અનુસંધાને જેશીંગપરાવિસ્તારનાભારતીયજનતા પાર્ટીના કાયકર્તાઓએ જેશીંગપરા વિસ્તારના નગરજનો સાથે મળીને દિવાળી પહેલા જ આતશબાજી આનંદ અને ઉલ્લાસભેર વધામણી સાથે ઉજવણી કરી હતી.

# બાબરાનાં વાંડળીયાનાં સરપંચે રાજયમંત્રી કૌશિક વેકરિયાને શુભેચ્છા પાઠવી



બાબરા, તા. ૧૮


રાજય સરકારમાં અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાનેઉર્જાઅનેપેટ્રોકેમીકલસાથેની જવાબદારીસાથે રાજયકક્ષાનું મંત્રી પદ મળતાસમગ્રઅમરેલીજિલ્લામાંખુશીની લાગણીપ્રસરીગઈછે.

વાંડળીયા ગ્રામ પંચાયતના સરપંચ લલિતભાઈ વેકરિયા ગાંધીનગર ખાતે રાજય સરકારના નવનિયુકતમંત્રી કૌશિકભાઈ વેકરિયાને રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવી હતી.

### ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃત્તિની ઉત્તમ કામગીરીથી પ્રભાવિત થઈને

# અમરેલીનાં પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન ટ્રસ્ટને રૂપિયા ૨૧ હજારનું અનુદાન

## કમલેશભાઈ ભટ્ટ પરિવાર દ્વારા સહયોગ



અમરેલી, તા. ૧૮

અમરેલીનાં પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન ટ્રસ્ટને કમલેશભાઈ ભટ્ટ અને શર્મીલાબેન ઠાકર ધ્વારા રૂપિયા ૨૧ હજારનાં અનુદાનનો ચેક ટ્રસ્ટનાં પ્રમુખ પી.પી. સોજીત્રાને અર્પણ કરવામાં આવેલ.

પી.પી. સોજીત્રા ફાઉન્ડનેશન ટ્રસ્ટ ધ્વારા જરૂરિયાતમંદ પરિવારોનાં બાળકોને શિક્ષણ ખર્ચમાં સહાય કરવામાં આવે જે આર્થિક મદદ કરવામાં આવે છે તેનાથી પ્રભાવિત થઈને અનુદાનનો ચેક અર્પણ કરેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

















































ધારાસભ્ય મહેશ કસવાલાનાં નેતૃત્વમાં વર્ષો જુની પરંપરાઓને જીવંત કરવાનો સંકલ્પ

# સાવરકુંડલામાં પ્રકાશ, આનંદ અને ઉલ્લાસનાં પર્વ દિવાળીએ ઝગમગાટ

## શહેરનાં જાહેર સ્થળોને નવોઢાની જેમ શણગાર કરવામાં આવતાં શહેરીજનો ખૂશીથી ઝુમી ઉઠયા : પાલિકા અને વહીવટી તંત્રનાં સહયોગથી ''નાવલી ઉત્સવ''ની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૮

સમગ્ર દેશમાં પ્રકાશ અને ઉલ્લાસના પર્વ દિવાળીની ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે નાવલી નદીના બંને કાંઠે વસેલું સાવરકુંડલા શહેર જાણે ઉત્સવમય બન્યું હોય તેવું વાતાવરણ જોવા મળે છે. એક નવોઢાની માફક સોળે શણગાર સજીને સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમા લાઈટિંગનું ભવ્ય સુશોભન કરવામાં આવ્યું છે, જે સમગ્ર નગરને આકર્ષણનું કેન્દ્ર બનતું જોવા મળે છે.

આમ તો સાવરકુંડલાની વાત કરીએ તો આ શહેર તેના ઉત્સવપ્રિય સ્વભાવ અને વર્ષો જૂની પરંપરાઓ માટે સમગ્ર ભારત વર્ષમાં જાણીતું છે. આ જ પરંપરાઓને ફરીથી જીવંત કરવા અને ઉત્સવની ભાવનાને દ્રઢ કરવાના ભાગરૂપે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા તેમજ જિલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે 'નાવલી ઉત્સવ' અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતના ખ્યાતનામ કલાકારો રાજ ગઢવી, અપેક્ષા પંડયા અને કિશન રાદડિયા આ ભવ્ય લોક ડાયરા દ્વારા સાવરકુંડલા શહેરની જનતાને ભાતીગળ સંસ્કૃતિના ગીતો અને લોકગીતો દ્વારા ડોલાવશે. આ ઉપરાંત આકર્ષક આતિશબાજીનો કાર્યક્રમ, ઈંગોરિયાની લડાઈ (ઈંગોરિયા યુદ્ધ) જેવી સાવરકુંડલાની વર્ષો જૂની પરંપરાગત ઈંગોરિયા રમતનું આયોજન પણ કરવામાં આવેલ છે.

આ અંગે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, 'નાવલી નદીના બંને કાંઠે વસેલું આપણું સાવરકુંડલા ઉત્સવપ્રિય શહેર છે. વર્ષો જૂની પરંપરાઓને ફરીથી જીવંત કરવાનો સંકલ્પ છે. દિવાળી એ માત્ર એક તહેવાર નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, અસ્મિતા અને પરંપરાઓનું પ્રતીક છે.' તેમણે ઉમેર્યું હતું કે, સાવરકુંડલા નગરપાલિકા અને વહીવટી તંત્રના સહયોગથી આ ભવ્ય આયોજન શકય બન્યું છે, જે નગરજનોને એકતા અને ઉલ્લાસની ભાવના સાથે જોડે છે. શહેરના અનેક જાહેર સ્થળો, બજારો અને ચોકોને ઝળહળતી એલઈડી લાઈટસ અને ડેકોરેટિવથી શણગારવામાં આવ્યા છે. આ લાઈટિંગ ડેકોરેશન રાત્રિ દરમિયાન નગરજનો માટે એક મોટું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, જેણે સમગ્ર શહેરના વાતાવરણમાં એક નવી ચેતનાનો સંચાર કર્યો છે.




**પ્રકરણ ..૨૫૬ –૧૯૬૫**

### શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન

### દિલ જો ના કેહ શકા. વો હી રાઝે દિલ. કેહને કી રાત આઈ ..દિલ જો




દિપાવલીના રમા એકાદશીથી જલારામ જયંતી સુધીના પર્વોની તમામ વાચક મિત્રોને શુભ કામનાઓ. દિપાવલી પર્વ બાદ વિક્રમ સવંત ૨૦૮૨ શરૂ થશે. ઈસવીસન ૨૦૨૫ છે, અને વિક્રમ સવંત ૨૦૮૨ છે, ભગવાન શ્રી કૃષ્ણના જન્મને પાંચ હજાર વર્ષ થઈ ગયા, અને શ્રી રામ તે પહેલા અને તે પહેલા પણ ભગવાન શ્રી વિષ્ણુના અવતારો અને હિન્દુ ધર્મની પ્રાચીન કથા આ આપણે જાણીએ છીએ. હિન્દુ ધર્મ એ અનંત વર્ષોથી ચાલ્યો આવે છે. ત્યારે આજે હિન્દુ ધર્મના તહેવારોનું મહત્વ બદલાતું જોવા મળે છે, દિપાવલી પર માતાશ્રી લક્ષ્મીજી, માતાશ્રી મહાકાળી અને માતાશ્રી મહા સરસ્વતીના પૂજનનું મહત્વ કદાચ ભૂલાતુ જાય છે, નવી પેઢી અને આજના ઘણા પરિવારોને દિપાવલી તહેવાર એટ્લે નવા કપડાં પહરવા, ફટાકડા ફોડવા અથવા વેકેસનમાં બહાર ફરવા જતું રેહવા પુરતુ સીમિત થઈ ગયું છે. નવી પેઢીને આપણાં તહેવારોનું ધાર્મિક મહત્વ સમજાવવું એ જરૂરી છે, હિન્દુ ધર્મના આધાર સમા દેવી દેવતાઓનું પૂજન અને પ્રાથનાનું મહત્વ સમજાવવું જરૂરી છે હવા અને અવાઝનું. પ્રદૂષણ થાય તેવા ફટાકડા ના ફોડી પર્યાવરણની જાળવણી કરવી પણ જરૂરી છે. દિપાવલી તહેવારને હિન્દુ ધર્મની પરંપરા મુજબ ઉજવીએ તેવો સંકલ્પ જરૂરી છે. અને તે મુજબ તમામ વાચક મિત્રોને હેપી ન્યુ ઈયરના બદલે, નુતન વર્ષાભીનંદન.

૧૯૬૫માં આજે અશોક કુમારની ફિલ્મોની વાત કરીશું. આજે હિન્દી સિનેમામાં ૫૦ થી વધુ વયના કલાકારો મુખ્ય ભૂમિકામાં આવી રહ્યા છે, આ પ્રણાલી પણ અશોક કુમારે જ હિન્દી સિનેમામાં શરૂ કરી હતી. ૧૯૧૧માં જન્મેલા અશોક કુમારને ૧૯૬૫માં ૫૪ વર્ષ પૂર્ણ થઈ ગયા છે, છત્તા તેઓ નાયક રૂપે જોવા મળે છે, તેઓએ વયની સાથે ચરિત્ર ભૂમિકા આ પણ સ્વીકારી છે, અને તેમાં પણ સફળ રહ્યા છે, પણ અશોક કુમાર નાયક રૂપે હોય ત્યારે તે સમયની તેમની વયથી નાની એટ્લે કે શર્મિલા ટાગોર, આશા પારેખ, માલા સિંહા, સાધના કે સાયરા બાનુ સાથે જોડી જમાવી નથી. પણ તેની સમકક્ષ અભિનેત્રી આ સાથે જ કામ કર્યુ હતું, અને આજે ૬૦ વર્ષના હીરો તેની દીકરીની વયની અભિનેત્રીઓ સાથે રોમાન્સ કરતાં જોવા મળે છે, અને દર્શકો તેને પસંદ પણ કરે છે. આ કેવી વિચિત્રતા છે ? અશોક કુમારની રાજ કુમાર અને ફિરોઝ ખાન સાથેની ફિલ્મની વાત કરીયે.

ઊંચે લાગ – મિત્રો આ ફિલ્મમાં રાજ કુમાર અને ફિરોઝ ખાન એક અલગ જ અંદાઝમાં જોવા મળે છે, રાજ કુમારની ઘણી ફિલ્મો સફળ રહી છે, પણ અહી રાજ કુમાર તેમના અસલી અભિનય સાથે છવાયા છે, તો ફિરોઝ ખાન માટે આ ફિલ્મ પહેલી સફળતા કહી શકાય તેમ છે, પણ આ અભિનેતા સાથે અશોક કુમાર છે, અશોક કુમારના અભિનય વિષે અહી ઘણું લખ્યું છે, અહી માત્ર એટલું કહીશ કે અશોક કુમાર જેવો અભિનય આજ સુધી હિન્દી સિનેમામાં કોઈએ કર્યો નથી અને કોઈ કરી પણ શકશે નહીં. અહી અશોક કુમાર એક અંધ પિતાની ભૂમિકામાં જોવા મળે છે, ફિલ્મ જોવાથી દર્શકો ભૂલી જાય છે કે અશોક કુમારને આંખો છે. આ ફિલ્મને નેશનલ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ફની મજમુદારમાં નિર્દેશન અને સ્ક્રીન પ્લે, સત્યમના નિર્માણમાં કે બાલા ચંદ્રની કથા મેજર ચંદ્ર કાન્ત પર આધારિત આ ફિલ્મમાં માત્ર સાત કલાકારો મુખ્ય છે. અશોક કુમાર, રાજ કુમાર, ફિરોઝ ખાન, તરૂણ બોઝ, કે.આર. વિજયા, (જેમનું આ પ્રથમ હિન્દી ફિલ્મ છે), કુમુદ ત્રિપાઠી અને કન્હૈયા લાલથી અભિનીત આ ફિલ્મ એવેરેજ સફળ રહી હતી. કથા ટૂંકમાં જોઈએ તો, અશોક એક નિવૃત મેજર છે, અને લડાઈમાં તેની આંખો જતી રહી છે, તે હવે નિવૃત જીવન પસાર કરે છે, પણ લશ્કરની શિસ્ત તેના રોમ રોમમાં છે, તેનો મોટો પુત્ર રાજ એક પોલીસ ઈન્સ્પેકટર છે, જે પિતાના પગલે તેના ફર્ઝ બાબત સક્રિય છે, નાનો પુત્ર ફિરોઝ એક અલ્લડ યુવાન છે, ફિરોઝના લગ્ન અશોક તેના મિત્ર કન્હૈયા લાલની પુત્રી સાથે કરવા માંગે છે, પણ ફિરોઝ એક યુવતી વિજયા સાથે પ્રણયમાં છે, વિજયા તેના સંતાનની માતા બનવાની છે, પણ પિતાના ડરના લીધે ફિરોઝ તેને સ્વીકારતો નથી, અને વિજયા આત્મહત્યા કરી લે છે, પણ વિજયાનો ભાઈ તરૂણ એક વૈજ્ઞાનિક છે તે, ફિરોઝની હત્યા કરી દે છે, અને પોલીસથી બચવા અશોકના ઘરમાં પ્રવેશે છે, અશોક જે અંધ છે, પણ તેની છઠી ઈંદ્રિથી તે બધુ જોઈ શકે છે, તે તેને પોલીસ હવાલે કરવા માંગે છે, પણ તરૂણ તેની બહેનની આબરૂ જેણે લીધી હતી તેની હત્યા કરી છે, તેમ કહેતા પોલીસથી બચાવવા પ્રયત્ન કરે છે, પણ તેને એ ખબર પડે છે કે તરૂણે ફિરોઝની હત્યા કરી છે, પણ અશોક જે ન્યાયમાં માને છે, આ બાબતમાં તેના પુત્ર ફિરોઝને દોષી સમજે છે, અને તરૂણને ભાગવા મદદ કરે છે, પણ અંતે પોલીસ ઈન્સ્પેકટર રાજ તરૂણ અને તેના પિતા અશોકને પકડી લે છે. અહી એવા પરિવારની વાત છે જે સિદ્ધાંત પર ચાલે છે, અશોકને મન ન્યાય પ્રિય છે, તે તેના પુત્રના હત્યારાને મદદ કરે છે, કારણ કે તરૂણ સાચો છે, અને ગુનહગાર તેનો પુત્ર ફિરોઝ છે તેમ તે માને છે, જયારે રાજ એક કાનૂની રીત મુજબ હત્યારા સાથે, તેને મદદ કરવાના અપરાધમાં તેના પિતાને પણ પકડી લે છે. આ ફિલ્મ દર્શકોને જકડી રાખે છે.

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ભીગી રાત – કાલિદાસના નિર્દેશન અને નિર્માણમાં, મજરૂહના ગીત અને રોશનના સંગીતમાં, અશોક કુમાર, મીના કુમારી, પ્રદીપ કુમાર, કામિની કેસલ, આઈ એસ જોહર, શશિકલા, રાજેન્દ્ર નાથ, ઉલહાસથી અભિનીત આ ફિલ્મ એવેરેજ રહી હતી. મીના કુમારીની આ પ્રથમ રંગીન ફિલ્મ હતી. ફિલ્મની કથા પ્રણય ત્રિકોણ પર આધારિત છે. મીના એક અનાથ યુવતી, પોતાના મામાના ત્રાસથી બચવા કામિનીને ત્યાં શરણ લે છે, કામિની અપંગ છે, અને તેના ભાઈ અશોકની નાની પુત્રીની દેખભાળ મીનાને આપે છે. મીના તેને એક માતાનો પ્રેમ આપે છે, કારણ બાળકીની માતા હયાત નથી. મીના પ્રદીપ જે એક અમીર પિતાનો પુત્ર છે તેને ચાહે છે, પ્રદીપ તેના પિતા ધનની લાલચમાં તેના લગ્ન શશિકલા સાથે કરવા માંગે છે, તેથી તે ઘર છોડી જતો રહે છે, અને મીનાના સંપર્કમાં આવે છે, બન્ને વચ્ચે પ્રણય થાય છે, તેવામાં અશોક વિદેશથી પરત આવે છે, અને મીના તેની પુત્રીની સંભાળ લે છે, તે જોઈ તેના પ્રત્યે આકર્ષિત થાય છે, પણ તેને જલ્દી ખબર પડી જાય છે કે મીના પ્રદીપને ચાહે છે, તે પ્રદીપને મીનાની ઝીંદગીથી દૂર કરવાના પ્રયત્નો કરે છે, પણ સફળ થતો નથી. અશોક સાથેના સંબંધોથી પ્રદીપને મીના પર શંકા થાય છે, એક અકસ્માતમાં મીના અપંગ બની જાય છે, પણ અંતે અશોક મીના અને પ્રદીપને એક કરે છે તેની પુત્રી તેમને સોપી તે વિદેશ પરત ફરે છે. ફિલ્મ મીના કુમારી અને અશોક કુમારના સંવેદનશીલ અભિનય અને રફી સાહેબ અને લતાજીના અલગ અલગ સ્વરમાં ગાયેલ ગીત. દિલ જો ના કેહ શકા વો હી રાઝે દિલ કેહને કી રાત આઈથી યાદ કરાય છે.




આધિ રાત કે બાદ – આ ફિલ્મ નાના ભાઈ ભટના નિર્દેશન અને રાજન હકસર અને ટી સી દીવાનના નિર્માણમાં, ચિત્ર ગુપ્તના સંગીત અને આનદ બક્ષીના ગીતો સાથે, અશોક કુમાર, રાગિની, શૈલેષ કુમાર, મુરાદ, આગા, સજ્જન, જાનકી દાસ, રાજન હકસરથી અભિનીત રહી. આ ફિલ્મમાં અશોક એક વૈજ્ઞાનિક છે, જે અદ્રશ્ય બની શકે તેવી શોધ ધરાવે છે. આ ફિલ્મ એક ક્રાઈમ થ્રીલર, સસ્પેન્સ ફિલ્મ છે, જે રાગિનીની ધન સંપતિ માટે સજ્જન એક જાળ રચે છે, પણ તેની હત્યા થાય છે, છત્તા તે પરેશાન કરતો રહે છે, પણ અશોક અસલી કાતિલ જાનકી દાસને પકડીને ખત્મ કરે છે, ફિલ્મ સફળ ના રહી.

બહુ બેટી – ગત વર્ષે સુપર હિટ ફિલ્મ આપનાર જોય મુખર્જીની આ વર્ષે એક પણ ફિલ્મ સફળ ના રહી. ટી પ્રકાશ રાવના નિર્દેશનમાં, અને શરૂજીત પાલના નિર્માણમાં, રાજેન્દ્ર સિંગ બેદીના સંવાદ અને સ્ક્રીન પ્લેમાં, રવિના સંહિત અને સાહિર લૂધ્યાનવીના ગીતમાં રફી સાહેબ અને લતાજીના સ્વર બધ્ધ રેર સોંગથી સજેલ આ ફિલ્મમાં અશોક કુમાર, જોય મુખર્જી, માલા સિંહા, અચલા સચદેવ, મુમતાઝ, મુકરી, ચમન પૂરી, ધુમાલ, નાની ભૂમિકામાં પ્રેમ ચોપરા, અનુપ કુમાર, અને મેહમુદથી અભિનીત આ પારિવારિક ફિલ્મ સફળના રહી. આગામી અંકમાં નવા વિક્રમ સવંત ૨૦૮૨માં મળીશું. **નવા વર્ષના નુતન વર્ષાભીનંદન સાથે આભાર. હિતેશ જોશી. ૧૯–૧૦–૨૫**

## * સ્વાસ્થયનું સરવૈયું *




તા.૨૦/૧૦/૨૦૨૫ને સોમવાર એટલે વિક્રમ સંવત ૨૦૮૧નો છેલ્લો દિવસ અને દિવાળી, દરેક નવા વર્ષે આપણે નવા સંકલ્પો કરતાં હોઈએ છીએ, અને વર્ષના અંત સુધીમાં એ નવા સંકલ્પો ભુલાઈ જતાં હોય છે, આ વર્ષે વિક્રમ સંવત ૨૦૮૨ના પહેલા દિવસે એવો સંકલ્પ કરીએ કે આપણું આખું વર્ષ આ સંકલ્પ સાથે આગળ વધે વર્ષની શરૂઆત સાથે તમામ વેપારી–નોકરીયાત કે સામાન્ય માણસ માટે નાણાકીય આયોજનનું મહત્વ ખુબ જ વધી ગયું છે અને જો આ આયોજન ન હોય તો તમારૂ આખા વર્ષનું બજેટ ડામાડોળ થઈ જાય છે, હવેનો યુગ એ સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટનો થઈ ગયો છે એટલે તમારે આખું વર્ષ જેટલું નાણાકીય ભંડોળ જોશે તે ઉપરાંત જે રકમ તમારી પાસે વધશે તેને જો યોગ્ય રીતે રોકાણ નહી કરો તો તમારી નાણાકીય સધ્ધરતા ઘટતી જશે અને એટલે જ આજના યુગમાં એ જ ચતુર અને હોશીયાર માણસ છે જે તેની સંપતીનો વિવેક પૂર્ણ ઉપયોગ કરે છે અને યોગ્ય જગ્યાએ નાણાકીય રોકાણ કરે છે. આમ તો દિવાળી આવે એટલે ગુજરાતનો વ્યાપારી વર્ગ નવા વર્ષના ખાતાવાહી – ચોપડાઓનું પૂજન કરે, ધંધા–વ્યાપારની સમૃધ્ધિએ સતત એના નિરીક્ષણ અને એ પ્રમાણે નવા સુધારા–વધારા પર આધારિત છે, નવી પેઢીમા ખાતાવાહી–રોજમેળની જગ્યા ડેટા એન્ટ્રી (ટેલી એકાઉન્ટ) લીધી છે, કોઈપણ વિકાસ એ પરિવર્તનને આધીન છે જો તમે તમારા ધંધામાં સમયને અનુરૂપ પરીવર્તન નો કરો તો તમે ગમે તેટલા સારા વેપાર–ઉધોગ સાથે જોડાયેલા હો લોકો તમને સ્વીકારશે નહી જેનું ઉદાહરણ નોકીયા, એમ્બેસેડર, એચ.એમ.ટી. જેવા વેપારો છે. ઉત્ક્રાંતી વાદના સિધ્ધાંત મુજબ કુદરત અવાર–નવાર તેની સિસ્ટમને અપગ્રેડ કરતી હોય છે અને જે પ્રાણી આ સિસ્ટમને અપનાવતા નથી તે ધીરે–ધીરે નાશ પામે છે, આવી જ રીતે ડાયનાસોર જેવું મહાકાય અને શકિતશાળી પ્રાણી પણ કુદરતની અપગ્રેડ સિસ્ટમને ન અપનાવતા કાળક્રમે નાશ પામ્યું, જેવી રીતે આપણે આ ટેકનોલોજીનાં યુગમાં જાણીએ છીએ કે નોકિયા જેવી મોબાઈલની દુનિયાની બિનહરીફ કંપની પણ એન્ડ્રોઇડને નો અપનાવતા બંધ થવાને આરે આવી ગઈ, એનો અર્થ એ છે કે કુદરત કાળક્રમે તેની સિસ્ટમમાં ફેરફાર કરતી હોય છે અને જયારે કોઈપણ ફેરફાર થતો હોય પ્રાણીમાત્રને થોડીક મુશ્કેલી ભોગવવી પડતી હોય છે ત્યાર બાદ ધીમે–ધીમે તે મુજબ દરેક ગોઠવાઈ જતા હોય છે, કુદરતનાં સિસ્ટમને અપગ્રેડ કરવાની સાથે આપણે જો અપગ્રેડ નહિ થઈએ તો આપણે પણ ખૂબ હાલાકી ભોગવવી પડશે.

નવા વર્ષે આપણે આપણી જાતને અપગ્રેડ કરવાની છે, જેમાં ચાર બાબત મુખ્ય છે, જયા આપણે આપણી જાતને અપગ્રેડ કરવાની છે, ફીઝીકલી, મેન્ટલી, ઈમોશનલી અને ચોથુ એનર્જીટીક અપગ્રેડ શબ્દથી આપણે બધા આ મોબાઈલના યુગમા બરાબર પરીચીત છીએ, જયારે આપણા જુના મોબાઈલમા કોઇ એપ ચાલતી ન હોય કે સપોર્ટ ન કરતી હોય ત્યારે આપણે મોબાઈલને અપગ્રેડ કરાવીએ છીએ, બસ આ જ વસ્તુ આ પરીસ્થિતીમા આપણે કરવાની છે આપણી જાતને અપગ્રેડ કરવાની, મતલબ કે આપણે જે છીએ તેના કરતા ૧૦ ટકા વધુ આ પરીસ્થીતી માટે તૈયાર કરવાની, પહેલુ ફીઝીકલી ફીટ છીએ તેના કરતા ૧૦ ટકા વધુ ફીટ થવાની, બીજુ મેન્ટલી ૧૦ ટકા વધુ શાર્પ થવાની, ત્રીજુ ઈમોશનલી ૧૦ ટકા વધુ બેલેન્સ થવાની અને ચોથુ ૧૦ ટકા વધુ એનરઝેટીક થવાની...

વેપારીઓ જેમ દિવાળીએ તેના વ્યાપારના હિસાબનું સરવૈયું કાઢતા હોય છે તેમ આપણે પણ નવા વર્ષે સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવાની જરૂર છે, તો જ આપણને ખબર પડશે કે સ્વાસ્થ્ય બાબતે આપણે ક્યાં સુધાર કરવાની જરૂર છે. સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવા આપણે આપડી તંદુરસ્તીની પરીક્ષા કરવી જોઈએ જે માટે અમે થોડા માપદંડ તૈયાર કર્યા છીએ અને તે મુજબનાં પ્રશ્નો આપણે આપડી જાતને પૂછવા જોઈએ.

તમને ભુખ બરાબર લાગે છે ?, તમને ગાઢ ઊંઘ આવે છે ?, તમને ઝાડો સાફ આવે છે ?, તમારો ચહેરો ચમકદાર છે ?, તમારૂ પેટ છાતીની અંદર છે ?, તમારા પગ ગરમ, પેટ નરમ અને માથું ઠંડુ રહે છે ?, તમને કામ કરવામાં ઉત્સાહ રહે છે ?, તમે બધા સાથે મીઠાસથી વર્તો છો ?, તમે દરરોજ કસરત કરો છો ?, તમારૂં જીવન નિયમિત છે ?

આ તમામ પ્રશ્નોના જવાબ 'હા' હોય તો તમે તંદુરસ્ત છો. જો નાં હોય તો તમારે તમારા શરીર અને મનને નિયમિત રીચાર્જ કરવાની જરૂર છે, મિત્રો આજના મોબાઈલનાં યુગમાં આપણે મોબાઈલને નિયમિત ચાર્જ કરતા હોઈએ છીએ પણ આપણી જાતને ચાર્જ કરવાનું ભૂલી જઈએ છીએ.

મિત્રો સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવા નિયમિત મેડીકલ ચેકઅપ કરાવો, જયારે કોઈ દર્દી અમારી પાસે આવે અને અમે પૂછીએ કે અગાઉ ડોકટર સાહેબને બતાવ્યું છે કોઈ રિપોટ્સ કરાવ્યા છે ત્યારે મોટા ભાગના દર્દી એક જ જવાબ આપે કે આજસુધી મને કઈ થયું જ નથી તો ચેકઅપ શું કરાવવાનું !!??

મિત્રો આપણે કોઈ વાહન લઈએ (ટુ વ્હીલર કે ફોર વ્હીલર) ત્યારે આપણને કંપની તરફથી ફ્રી સર્વિસનાં કુપન આપવામાં આવે છે અને વાહનમાં કોઈ તકલીફ ન હોય તો પણ રેગ્યુલર તેની સર્વિસ કરાવતા હોઈએ છીએ આમ એક યાંત્રિક વસ્તુનું આપણે પૂરતું ધ્યાન રાખીએ છીએ પણ આપણા શરીર માટે આવું નથી કરતા !! આજ સુધીમાં એવો કોઈ વ્યકિત દર્દી બનીને અમારી પાસે નથી આવ્યો કે તેને કોઈ તકલીફ (શારિક/માનસિક) ન હોય અને ફકત હેલ્થ ચેકઅપ કરાવવા આવ્યા હોય. જયારે આપણા સમાજમાં આટલા મોટા પ્રમાણમાં કેન્સર, હદયરોગ, ડાયાબિટીઝ, કિડનીનાં રોગો જેવા જીવલેણ રોગો વધી રહ્યા છે ત્યારે નીયમિત હેલ્થ ચેકઅપ કરવવાની જાગૃતિ જરૂરી છે અને એટલે જ આપણે આપડા સ્વાસ્થ્યનું સરવૈયું વર્ષમાં કમ સે કમ એક વાર કાઢવું જોઈએ.

શારીરિક તકલીફ માટે તો ડોકટરને બતાવશું, રિપોટ્સ (પેથોલોજી, રેડિયોલોજી) કરાવશું એટલે આપણને ખબર પડી જશે કે આપણે સ્વસ્થ છીએ કે બીમાર, પણ માનસિક સ્વાસ્થ્યનું શું. આ માટે આયુર્વેદે સ્વસ્થની કહેલી વ્યાખ્યા આપણે સમજવી પડશે. આયુર્વેદમાં સ્વસ્થ કોને કહેવો તને માટે લખ્યું છે ક "સમ દોષ સમાગની સમાધાતું મલક્રિયા, પ્રસન્ન આત્માંઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્મિધિયાતે" મતલબ કે જેના આત્મા, ઈન્દ્રિય અને મન પ્રસન્ન છે તે જ સ્વસ્થ છે. હવે, આત્મા,ઈન્દ્રિય અને મન આપણા સ્વસ્થ છે કે નહિ તેની આપણને કેમ ખબર પડે ? તેના કોઈ રિપોટ્સ થાય છે ? આ જાણવા માટે એક વ્યવહારૂ વાત બતાવું છું, જયારે કોઈપણ કારણ વગર તમને અંદરથી મજા આવવા માંડે, કાઈ ગીત ગુનાગુનાવાનું મન થાય, તમારા રોજનાં કામ ઉપરાત તમારાથી કોઈને કાઈ રચનાત્મક (ક્રીએટીવ) કામ થાય જેમ કે સારૂ લખવું, અદ્‌ભુત ચિત્ર દોરવું, સંગીતમાં અનન્ય સુર છીડવો..વી. તમે જયાં હો ત્યાં લોકોનાં ટોળા વળવા માંડે તમારા ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા દેખાતી હોય ત્યારે સમજવું કે તમારો આત્મા, ઈન્દ્રિય અને મન તમારાથી ખુબ પ્રસન્ન છે.

હવે, આત્મા, ઈન્દ્રિય અને મનને પ્રસન્ન રાખવા શું કરવું ? માંદગી કોઈ ખાનગી ગરબડનું બીજું નાંમ છે. ખરી ગરબડ મનમાં શરૂ થાય છે. શરીર તો એ ગરબડની ચાડી ખાય છે. ભવિષ્યમાં વિજ્ઞાન એવું જરૂર સાબિત કરશે કે માણસના ઘણાખરા રોગો દ્વેષમુલક અને વેરમુલક હોય છે. ક્ષમા, ઉદારતા રોગશામક છે. પ્રેમ રોગમુકત થવામાં મદદરૂપ થાય છે. શાંતિ આરોગ્ય માટે અત્યંત ઉપકારક છે. એક વિચારક કહે છે કે: "તંદુરસ્તી જો દવાની બોટલમાં મળતી હોય તો દરેક જણ તંદુરસ્ત હોય."

તન નીરોગી, મન નિર્મળ અને માંહ્યલો આનંદથી છલોછલ ! આવું બને ત્યારે કહેવાય છે કે માણસ સ્વસ્થ છે. સદિઓ પહેલા વેદનાં ઋષિઓએ પ્રાથના કરેલી, ભગવાન ! અમારી ચાલ અને અમારૂ જીવન ટટાર રહો. રોગ કઈ નવરોધૂપ નથી કે વગર બોલાવ્યે આવે અને રહી પડે . રોગને પણ સ્વમાન હોય છે. ટેકનોલોજી એટલે તાણોલોજી ! ટેકનોલોજી આપણને સગવડપૂર્વક બેઠાડું બનાવે છે અને બેઠાડું માણસ રોગની સગવડ પુરી પાડતો રહે છે. બેઠાડું માણસનું તખ્ખલુસ 'બંધકોશ બંદોપાધ્યાય' હોવું જોઈએ. તમે એને ઘણીવાર મળી ચુકયા છો. હેલ્થ ઈન્સ્યુરન્સનું પ્રીમિયમ કેટલું ? નિયમિત કસરત અને માફકસરનો આહાર ! કકડીને ભુખ લાગે તો માનવું કે તમે ટાટા છો, ઘસઘસાટ ઊંઘ આવે તો માનવું કે તમે બિરલા છો. કોઈ ખીટી નિંદા કરે ત્યારે પણ તમે સ્વસ્થ રહી શકો તો માનવું કે તમે કુબેર છો. કોઈને છેતરતી વખતે ખચકાટ થાય તો માનવું કે તમે સજ્જન છો. જો ઘણુંખરૂ આનંદમય રહેતા હો તો માનવું કે તમે 'તમે' છો.

કોઈને પણ પૂછી જોજો કે જીવનમાં શું જોઈએ ? જવાબ મળશે ' શાંતિ જોઈએ, બીજું કાઈ નહિ.' હવે વિચાર એ કરવાનો કે આપણે બધાને શાંતિ જોઈએ તો જરૂર છે, તો પછી આપણને મળતી શા માટે નથી ? કારણ એક જ છે શાંતિ મેળવવા માટેના સાધન અને વિચાર આપણે નિષ્ઠાપૂર્વક ઉતાર્યા નથી. શું છે આ ઉપાયો ? પહેલો ઉપાય છે હૃદયથી ઉદાર બનવું. અને બીજા બધાને કામ આવવાનો ભાવ રાખવો. વ્યકિત તરીકે આપણી પાસે કઈને કઈ કુદરતે જરૂરત કરતા વિશેષ આપણને આપ્યું જ છે. પછીએ એ વસ્તુ હોઈ શકે કે વિચાર હોઈ શકે કે કોઈ જાતનું બળ હોઈ શકે. જે વધારે હોય તેને આજુબાજુના સમાજમાં વહેવાની શરૂઆત કરો, શાંતિ મળશે.

બીજું આપણું દુ:ખનું કારણ છે આપણી અમર્યાદ ઈચ્છાઓ. આપણે મનુષ્ય દેહ મળ્યો છે સત્યની પ્રાપ્તિ માટે, અનેક જાતની વસ્તુની ઈચ્છા, સન્માનની ઈચ્છા વી. આપણને ધ્યેય ભુલાવે છે માટે ' ઈચ્છા' એટલે કે વાસના અને જરૂરીયાત વચ્ચેનો ભેદ સમજી લઈ ' અચાહ' બનવાની સાધના કરવી. ઈચ્છા ઘટાડતા શાંતિ ઉભરાશે.

ત્રીજું સાધન છે ઈર પ્રત્યે શ્રધ્ધા જયારે બધું વિપરીત થતું લાગે ત્યારે શ્રદ્ધા જ આપણો ઉદ્વેગ ઘટાડશે. તટસ્થતાથી મનની સ્થિતિનું અવલોકન કરો. તમને જણાશે કે કોઈપણ કારણ વિના મન દુ:ખ માં ચાલ્યું જાય છે. હવે નિત્ય સુખીને આનંદિત સ્થિતિમાં રહેવા ભલા કોણ નથી ઈચ્છતું ? તેમ છતાં આ કેમ થાય છે/ આનો કોઈ ઉપાય ખરો ?

હા ! આનો ઉપાય એક જ છે. દુ:ખીને જોઈને કરૂણાવાન થાવ; સુખીને જોઈને રાજી થાવ શાંતિથી અવલોકન કરીશું તો જણાશે કે જીવનની ગતિ હવે એટલી તો ઝડપી બની છે કે કોઈનું દુ:ખ આપણને સ્પર્શ કરતુ નથી. જો દુ:ખનો અનુભવ થાય તો હૃદયમાં કરૂણા પ્રગટે ને મન આદ્ર બને તો જ કોઈનું દુ:ખ દુર કરવા હાથ લંબાવવાની ઈચ્છા થાય. પ્રયત્ન કરજો કે દિવસ દરમ્યાન એક નાનું તો નાનું પરંતુ પરોપકારનું કામ તમારા હાથે થાય. તમને ચોક્કસ અનુભૂતિ થશે કે એ કરવાથી જે સુખ અને આનદ તમે જીવનમાં શોધી રહ્યા છો તેનો સંચાર અવશ્ય થઈ રહ્યો છે.

મનુષ્ય ચિતની બીજી પણ એક ટેવ છે. બીજાનું સુખ કે યોગ્યતા જોતા મનુષ્ય પોતાની ન્યુનતા અનુભવી ઈર્ષ્યાભાવ અનુભવે છે. આવું થાય ત્યારે જબરદસ્ત બ્રેક મારો. સુખીને જોઈ રાજી થાવ, એના માટે પ્રાથના કરો કે એનું સુખ જળવાઈ રહે. એ વધારે સુખી થાય.

આનો એક સરળ, વ્યવહારૂ ઉપાય છે. તમે જયાં પણ હો ત્યાં સુખી અને દુખી બંને સ્થીતીવાળી વ્યકિત હોવાની. દુખીમાં દુ:ખી વ્યકિતનો ચહેરો નિહાળી આંખ બંધ કરી પ્રાથના કરો કે એના દુખ દુર થાય. સુખી ચહેરો પણ ઓળખી કાઢો અને આંખ બંધ કરી સાચા મનથી પ્રાથના કરો – એનું સુખ કાયમ રહે.

તો ચાલો મીત્રો આપણા સ્વાસ્થ્યનાં સરવૈયામાં તંદુરસ્તી જમા રહે અને માંદગીની બેલેન્સ ઘટતી જાય તેના માટે થોડી સંભાળ લઈએ. નિયમિત વાર્ષિક મેડીકલ ચેકઅપ કરાવો, તમને ગમતી સહેલી અને સસ્તી અને નુકશાન રહિત સરળ કસરતનો કાર્યક્રમ નિયમિત અમલમાં મુકો, સારો,સાદો,પૌષ્ટિક ખોરાક લો જેમાં શાકભાજી અને ફળોનો સમાવેશ કરો, મનની શાંતિ માટે સંગીત,ગાવા કે વગાડવાનું શિખો ચિત્રકામ શીખો, લખો,મેડીટેશન કરો. સેવાના કાર્ય કરો, હરવા–ફરવાનો શોખ રાખો. થોડાક રીલેક્ષ થાઓ. આ બધું કરવા માટે રિટાયર થાઓ ત્યાં સુધી રાહ નાં જુઓ.

**નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....**

**(ડો.ભાવેશ કે.મહેતા, મો. ૯૪૨૬૨૮૭૯૦૮ )**

## માંસાહાર એટલે સર્વનાશાહાર શાકાહાર, સ્વસ્થ જીવનનો આધાર



અમરેલી, તા. ૧૬

માંસાહારનો ત્યાગ કરવું ખૂબ જરૂરીછે. પૃથ્વી પર વસતા કોઈ પણ જીવને મરવું ગમતું નથી. પશુ–પક્ષીઓનાં મટન માટે એટલે કે નોનવેજ માટે તેમને, તેમના મૂક પણ અત્યંત પીડાદાયક વિરોધ વચ્ચે મારવા પડેછે. એટલે કે "મીટ ઈઝ મર્ડર," પૃથ્વીનાં તમામ શકિતશાળી અને બુધ્ધિશાળી પ્રાણીઓ (જેવા કે, હાથી, હીપોપોટેમસ, ગેંડો, ઘોડો, જીરાફ, ગાય વિગેરે) વેજીટેરીયન છે જેથી કહી શકાય કે માંસાહારથી પોષણ અને તાકાત મળે તે વાત સાવ ખોટી છે. સમગ્ર વિનાં લોકો અત્યારે ભારતીય સંસ્કૃતિની ગરીમા સ્વરૂપ કહી શકાય તેવી પરંપરા શાકાહાર અને યોગ તરફ વળી રહયાં છે, વેજીટેરીયન અને વિગન થઈ રહયાં છે ત્યારે કમનસીબે આપણા યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી પતનના માર્ગે જઇ કરોડો અબોલ જીવોની ક્રૂર હત્યામાં નિમિત્ત બની રહયાં છે, નોનવેજ ખાઇ રહયાં છે તે આપણી કમનસીબીની પરાકાષ્ટાછે. અત્યારનું વિજ્ઞાન પણ પુરવાર કરી ચૂક્યું છે કે માંસાહાર અનેક રોગોનું જનક છે. તેનાથી શરીરને પારાવાર નુકસાન થાય છે જયારે શાકાહારથી સંપૂર્ણ નીરોગી અને લાંબું આયુષ્ય પ્રાપ્ત થઈ શકેછે. "જેવું અન્ન" "તેવું મન" નું સુત્ર સુચવેછે કે "જેવો આહાર તેવો વ્યવહાર." માંસાહારનું પ્રમાણ જેટલું વધે એટલા પ્રમાણમાં ઇકોસીસ્ટમ ખોરવાઈ અને પરિણામ સ્વરૂપે અધોગતી, કુદરતી આફતો, ભૂકંપ–પુર–કોરોના જેવી બીમારીઓ કે વિનાશ સર્જાતાં હોવાની નકકર હકીકતો જાણવી અને જણાવવી તે દરેક જાગૃત માનવની જવાબદારી છે. પોતાની ખાતર નહિ તો છેવટે ભાવી પેઢીના કલ્યાણ ખાતર આ ફરજ બજાવવી અનિવાર્ય છે.

**– મિતલ ખેતાણી**

**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## દિવાળી નિમિત્તે કવિતા

અમરેલી, તા. ૧૮

આવી દિવાળી આવી દિવાળી
જેના બોલે એને દયો બોલાવી
રૂએ એને દયો તમે હસાવી
ગીત ગાઓ સૌ મંગલ મંગળ
આવી દિવાળી આવી દિવાળી
અંધારાને દગો જોરથી હટાવી
આવી છે જોને રાત અજવાળી
પ્રગટાવો સૌનાં હૈયે દીપ પ્રેમના




પ્રકાશની સર્વત્ર કરો લ્હાણી
ચારિત્ર્યવાન બને સૌ ગૃહસ્થ
સૌને ગમે માત્ર પોતાની ઘરવાળી
ભૂલકાંની નિર્દોષતા પ્રગટે બધે
કપટની કરી દયો તમે તડીપારી
સતયુગનાં મંડાણ કરો સ્વયથી
પાપ ખુણા ખાચરાંનાં પડકારી
આવી દિવાળી આવી દિવાળી

**– મિતલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)નાં**
**કાવ્ય સંગ્રહ 'શબ્દ ઘેર આનંદ ભયો'માંથી**

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે મફત સારવાર
ડો.કૃણાલ ઠકરાર (M.S.-Otho)
24x7 Emergency Services
ડો.નીત ચોટાઈ DrNB (Urologist)
કીડની-પથરી-પ્રોસ્ટેટના રોગોના નિષ્ણાંત
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૬૬૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

ઈતની શકિત હમે દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હોના, હમ ચલે નેક રસ્તે પે હમ સે, ભુલકર ભી કોઈ ભુલ હોના

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ વિધિવત રાજયમંત્રીનો ચાર્જ સંભાળ્યો

**જિલ્લાભરમાંથી કાર્યકર્તાઓ, શુભેચ્છકોની ઉપસ્થિતિમાં ગણપતિ પૂજન કરીને કામગીરીનો કર્યો પ્રારંભ**

**અમરેલીને ૧૩ વર્ષના લાંબા કાર્યકાળ બાદ મંત્રી પદ મળતા મતદારો સહિત સૌ કોઈમાં ખુશી**

**મંત્રી પદની જવાબદારી સંભાળીને તુરંત જ તેઓએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી**

**અમરેલીમાં આજે રાજયમંત્રી કૌશિક વેકરિયાનુ દબદબાભેર સ્વાગત અને અભિવાદન સમારોહ યોજાશે**



અમરેલી, તા. ૧૮

અમરેલીના યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયાએ આજે ગાંધીનગર ખાતે રાજયમંત્રી તરીકેનો વિધિવત ચાર્જ જિલ્લાભરનાં કાર્યકર્તાઓ, શુભેચ્છકોની હાજરીમાં સંભાળેલ

આ તકે સાંસદ ભરત સુતરીયા, સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા, લાઠીના ધારાસભ્ય જનક તળાવીયા, ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, મેહુલભાઈ ધોરાજીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

કાયદા અને ન્યાય તંત્ર વિભાગના રાજયમંત્રી કૌશિક વેકરિયાએ મંત્રી તરીકેનો પદભાર સંભાળતાની સાથે જ નવા સચિવાલય સ્થિત કાયદા અને ન્યાય તંત્ર વિભાગની મુલાકાત લીધી હતી અને વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાત રાજયની પ્રજાને સમયસર અને ઝડપી ન્યાય મળી રહે તે માટેના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલમાં અમલમાં આવેલ ૩ નવા કાયદા અનુસાર રાજયની પ્રજાને ઘરઆંગણે ઝડપથી સમયબદ્ધ ન્યાય મળી રહે તે માટે જરૂરી ચર્ચા કરી સૂચન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ન્યાયની પ્રક્રિયા દરમિયાન કોર્ટ બિલ્ડિંગોમાં તમામ જરૂરી સંસાધનો, યોગ્ય માળખાગત સુવિધાઓ તેમજ પૂરતી આંતરમાળખાકીય સવલતો મળી રહે તે માટે વિગતવાર ચર્ચા કરીને સૂચનો આપવામાં આવ્યા હતા.

ત્રણેય નવા કાયદામાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓમાં ટેકનોલોજી પર મુકાયેલા ભાર અને મહત્વને ધ્યાને લઈ, ગુજરાત રાજયની અદાલતોમાં ન્યાયિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી, સમયબદ્ધ ન્યાય મળી રહે તે માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવા સૂચનાઓ આપવામાં આવી હતી. બીજી તરફ રાજયમાં તમામ તાલુકા મથકોએ કોર્ટ બિલ્ડિંગો તમામ સુવિધાયુક્ત બને અને પક્ષકારોને ત્વરિત બિનખર્ચાળ ન્યાય પ્રાપ્ત થાય તે માટે આવશ્યક સૂચનાઓ આપવામાં આવી છે.

પોક્સો (POCSO) એક્ટ હેઠળ તેમજ એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ નોંધાયેલા તમામ કેસો સમયસર હજુ ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાંઓ લેવા ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત વકફ કાયદા હેઠળ સ્થાપિત વકફ ટ્રિબ્યુનલ તેમજ બોર્ડમાં ન્યાય નિર્ણય માટે પડતર રહેલ કેસોનો સમયસર નિકાલ થાય તે માટે પણ જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

બાબરામાં મકાન વેચવાનું છે...
૧૭૫ ચો.વાર નું મકાન
બાબરા શહેરમાં "રામનગર" વિસ્તારમાં શેરી નં.- ૧ માં આવેલ મકાન, રાજકોટ - ભાવનગર હાઈ-વે રોડથી તદ્દન નજીક, ફુલ લોકેશન વાળું મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૯૦૪૬ ૪૬૮૧૩

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,15,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• માઈક્રો બાયોલોજીસ્ટ - 4
• ડેરી ટેકનોલોજીસ્ટ - 4
• ફૂડ ટેકનોલોજીસ્ટ - 5
• કેમિસ્ટ - 3
• એચ.આર એક્ઝિક્યુટિવ - 2
• રીપોર્ટીંગ મેનેજર - 2
• ટ્રેનર - 1
ઉપરોક્ત આપેલ જગ્યા માટે સોમવાર/ગુરુવાર સવારે ૯ થી 12 અને સાંજે ૪ થી ૬ વાગે તમારું CV આપેલ નંબર પર પહેલા વોટ્સએપ કરવું અને ત્યારબાદ CV અને ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રૂબરૂ મળવું.
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
scplhr1994@gmail.com
+91 92744 11751

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

LG Life's Good.
Celebrating Trust Across Generations
ASSURED GIFT with every purchase
આ ધનતેરસના શુભ દિવસે ઘરે લઈ જાઓ LG પ્રોડક્ટ્સ બમ્પર સેવિંગ સાથે !
મેળવો આકર્ષક ઓફર્સ અને એફોર્ડ ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ માત્ર LG બેસ્ટ શોપ માંથી
Best Shop Exclusive Offers
26% Cashback | Fixed EMI ₹ 888 | 1 YEAR FREE INSURANCE | LG BEST Care | ASSURED DISCOUNT ₹7000
LG UHD 55 UHD — 49% OFF — AFTER GST PRICE : ₹ 36990
LG UHD 43 UHD — 48% OFF — AFTER GST PRICE : ₹ 25990
SIDE BY SIDE REFRIGERATOR — 22.5% CASHBACK — FIXED EMI ₹ 2999 — Range Starts From : ₹ 59990
TOP LOAD WASHING MACHINE — 17.5% CASHBACK — FIXED EMI ₹ 1499 — Range Starts From : ₹ 18990
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કાર કેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.-9974772377 / 9408159606

# યુવા ધારાસભ્યને માત્ર ૪૦ વર્ષની વયે મહત્વની જવાબદારી મળી જતાં

# નંદ ઘેર આનંદ ભયો : અમરેલીમાં આજે કૌશિક વેકરિયાનો અભિવાદન સમારોહ

**રાજયમંત્રી બન્યા બાદ સૌ પ્રથમ વખત અમરેલી પધારી રહ્યા હોય ભાજપી કાર્યકર્તાઓમાં થનગનાટ**

**આજે સાંજે ૪ કલાકે ભાજપ કાર્યાલય ખાતે અભિવાદન સમારોહ યોજાશે**

**જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા તૈયારીનો ધમધમાટ**

**સમગ્ર જિલ્લામાંથી ભાજપનાં કાર્યકર્તાઓ, સમર્થકો અને શુભેચ્છકોને પધારવા અનુરોધ**

અમરેલી, તા. ૧૮

અમરેલી-કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની ગુજરાત સરકારના નવા મંત્રી મંડળમાં મંત્રી તરીકે નિમણૂંક થતાં અમરેલી જિલ્લામાં સર્વત્ર આનંદ અને ઉત્સાહ વ્યાપી ગયો હતો. તેઓને રાજયકક્ષાના મંત્રી તરીકે કાયદો વ્યવસ્થા, ઉર્જા અને પેટ્રોકેમિકલ અને સંસદીય બાબતોનાં મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે.



તેઓ રાજયકક્ષાના મંત્રી બન્યા બાદ પ્રથમ વખત અમરેલી પધારી રહ્યાં હોય ત્યારે સમગ્ર જિલ્લો હરખભેર વધામણા કરવા ઉત્સુક છે. કાર્યકર્તાઓથી લઈને નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કાર્યકર્તા અને નગરજનોની લાગણીને વધાવીને અમરેલી જિલ્લા ભાજપ ધ્વારા અભિવાદન સમારોહનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું હતું કે, આવતીકાલ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંજના ચાર કલાકે ગુજરાત સરકારના નવનિયુકત મંત્રી કૌશિકભાઈ વેકરિયાનો અભિવાદન સમારોહનું વિશેષ આયોજન અમરેલી જિલ્લા ભાજપ ધ્વારા કરવામાં આવ્યું છે. આ સમારોહમાં જિલ્લાભરમાંથી ભારતીય જનતા પાર્ટીના સૌ આગેવાન કાર્યકર્તાઓ અને ચૂંટાયેલા સંગઠનના પદાધિકારી તેમજ શુભેચ્છકોને જોડાવવા માટે આહવાન કરતા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ બી. કાનાણી તેમજ જિલ્લા ભાજપ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શીયલ, રેસિડેન્સિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636


## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા પોલીસ સ્ટેશનનાં સાયબર ફ્રોડને અંજામ આપનાર આરોપીની અટકાયત કરાઈ

**હરિયાણા ખાતેથી આરોપીને દબોચી લેવાયો**

અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં બનવા પામેલ સાયબર ફ્રોડ સંબંધી ગુન્હાઓમાં આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુન્હો ડીટેકટ કરવા સુચના આપેલ હોય. રાજુલા પોલીસ સ્ટેશન બી.એન.એસ. કલમ ૨૦૪, ૩૦૮(૨), ૬૧(૧), ૩૫૧(૨) તથા આઇ.ટી. એકટ કલમ-૬૬(ઇ) મુજબના ગુન્હાની વિગત એવી છે કે આ કામે ભોગ બનનાર એક ૨૦ વર્ષની ઉંમરનો યુવક હોય જે ઇન્સટાગ્રામમાં તથા ફ્રેન્ડ એપનો ઉપયોગ કરતા હોય અને જેમા તેને એક મહિલાના આઇડી સાથે વાતચીત થયેલ અને બાદ એક બીજાએ વ્હોટસએપ નંબરની આપ-લે કરેલ અને બાદમાં આરોપી દ્વારા વ્હોટસએપ વીડિઓ કોલ કરી અને મહિલાનો અશ્લીલ વીડિઓ બતાવેલ અને સ્ક્રીન રેકોર્ડીગ કરેલ અને બાદ આરોપીએ તે સ્ક્રીન રેકોર્ડીગ યુવકને મોકલી અને બીજા અન્ય બે મોબાઇલ નંબર પરથી વ્હોટસએપ કોલ કરી અને ખોટી પોલીસની ઓળખ આપી અને યુવકને બ્લેકમેલ (ધમકાવી) આરોપીએ કહેલ કે પોતે પોલીસ ડીપાર્ટમેન્ટમાંથી બોલુ છું અને તમારો વીડિઓ વાયરલ થયેલ છે અને તમારા વિરૂધ્ધ ફરિયાદ થયેલ છે. તમે ૧૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરો



નહીતર કેસ થશે એવી રીતના ધમકાવેલ અને રૂપિયાની માંગણી કરેલ હતી. જે બાદ ફરિયાદી જે ૨૦ વર્ષની ઉંમરનો યુવક હોય જેને પોતાની બદનામીનો ડર લાગતા આત્મહત્યા કરવાની કોશીષ કરેલ હતી.

બાદ આ યુવકને પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા યુવકે સાયબર ફ્રોડ હેલ્પ લાઇન ૧૯૩૦ ઉપર તુરંત ફોન કરી અને ફરિયાદ કરેલ હતી. આ સાયબર ફ્રોડને અંજામ આપનાર આરોપીઓ ખુબ જ હોંશીયાર હોય અને અલગ અલગ મોબાઇલ તથા મોબાઇલ નંબરોનો ઉપયોગ કરતો હોય. જેની તપાસ કરતા જેમા અંદાજે કુલ ૪૦ જેટલા મોબાઇલ ફોન તપાસવામાં આવેલ અને ૮૫ જેટલા મોબાલઇલ નંબરો વેરીફાઇ કરવામાં આવેલ અને ટેકનીકલ એનાલીસ કરવામા આવેલ હતી. આ કામે ટેકનીકલ તપાસ કરતા આરોપીઓ હરીયાણા તથા રાજસ્થાન રાજયની બોર્ડર પર આવેલ ગામોના હોય તેવુ જણાય આવેલ અને તમામ મોબાઇલ તથા સીમ કાર્ડ બીજાના નામના ઉપયોગ કરેલ હતા. જેના આધારે આરોપીઓનું રાત્રી તથા દિવસ દરમ્યાનનુ ચોક્કસ એરીઆ નક્કી કરેલ અને વધુ ટેકનીકલ એનાલીસીસ આધારે આરોપીઓના મુળ નામ, સરનામા અને મોબાઇલ નંબર મેળવેલ અને તમામ મુદાઓના આધારે આરોપીની ચોક્કસ ઓળખ થયેલ અને હરીયાણાના નીમખેડા ખાતે રહેતા આરોપી મહમંદ બીલાલ અબ્દુલગફાર ખાનને હરિયાણાથી રાજુલા પોલીસ સ્ટેશનની ટીમ ધ્વારા આરોપીઓને પકડવામા સફળતા મળેલ હતી.

# લીલીયાના ચાચર ચોકમાં CNG કારમાં આગ લાગી





લીલીયા, તા. ૧૮

લીલીયાના ચાચર ચોકમાં સી.એન.જી. હોન્ડાસીટી કારમાં અચાનક આગ લાગી લીલીયાના ઢાંગલા ગામથી ખરીદીમાં આવેલા ધર્મેશભાઈ માંગુકિયાની કાર પાર્કિંગ કરી હતી ત્યારે સીએનજી કારમાં અકસ્માતે વિકરાળ આગ લાગતા લોકોમાં દોડ ધામ મચી પાર્કિંગમાં પડેલી કારમાં આગ લાગતા અફડાતફડી મચી હતી આસપાસના દુકાનદારોના જીવ તાળવે ચોંટયા પોલીસ તંત્ર દ્વારા આજુબાજુની દૂકાનો તેમજ લોકોની અવર જવર પર પ્રતિબંધ મૂકી લીલીયા પોલીસ દ્વારા બનાવની ગંભીરતા સમજી લોકોની અવર જવર બંધ કરતા મોટી જાનહાની ટળી હતી ઘટનાની જાણ સ્થાનિક મામલતદાર બળ દેવભાઈ પટેલ તેમજ પી.જી.વી.સી.એલ. વિભાગ અને લીલીયા સરપંચ જીવનભાઈ વોરાને કરાતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા તંત્ર દ્વારા અમરેલી ફાયર વિભાગને આ બનાવ અંગે જાણ કરતા ફાયર વિભાગની ટીમ અમરેલીથી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવેલ હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## કાળચક્ર ફરી ગયુ હોય તેવો માહોલ

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં 3 વ્યકિતનાં મોત નિપજયા

**માલવીયા પીપરીયા, જેશીંગપરા અને કમીગઢ નજીક ઘટના ઘટી**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન કાળચક્ર ફરી વળ્યું હોય તેમ ચાર અલગ અલગ બનાવોમાં ર મહિલા તથા ર યુવકના મોત નિપજતા સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં મધ્યપ્રદેશનાં વતની અને હાલ લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે આવેલ તુલીપ સ્પીનીંગ મીલના ક્વાર્ટરમાં રહેતા લાલુપ્રસાદ રામપ્રસાદ ઉલકે નામના ૨૪ વર્ષિય મજુર ગત તા.૧૬ના રાત્રીના આશરે દસેક વાગ્યે તુલીપ સ્પીનીંગ મીલના ક્વાર્ટરમાં બીજા માળે ગેલેરીની પાળ ઉપર બેસીને ફોનમાં વાત કરતા હોય, ત્યારે અચાનક જ કોઈ કારણોસર શરીરનું બેલેન્સ બગડતા બીજા માળેથી નિચે પડી જતા મજુર યુવકને માથામાં ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં અમરેલી તાલુકાના ખીજડીયા પ્રાથમિક શાળા પાછળ રહેતા પલ્લવીબેન મનોજભાઈ પરમાર નામના આશા વર્કર તા.૧૭ના રોજ ૧૧/૩૦ વાગ્યાના કેરાળ ાથી કમીગઢ રોડ વચ્ચે અકસ્માતે રોડ ઉપર પડી જવાથી નાક તેમજ શરીરે ઈજા થવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં અમરેલીના જેસીંગપરા શેરી નંબર ત્રણમાં રહેતા ગેરીબેન વિજયભાઈ રાઠોડ નામની ૨૪ વર્ષિય મહિલાને પુરા મહિને પ્રસુતીની પીડા ઉપડતા તેણીને અમરેલી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જયાંથી વધુ સારવાર માટે રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાયેલ હોય જયાં તેણીને મૃત પુત્રનો જન્મ થયો હતો. જે પછી ગેરીબેનની તબિયત વધુ લથડી જતાં તેમને આઈસીયુમાં રાખવામાં આવેલ હતાં. સારવાર દરમ્યાન તા. ૧૬ ના રોજ તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ચોથા બનાવમાં ધારી તાલુકાના કુબડા ગામે રહેતા જીકાભાઈ ઉર્ફે બાટલી મનજીભાઈ સોલંકી (કારોડીયા) નામના ૨૫ વર્ષિય યુવક ગત તા.૧૬ ના રાત્રીના આઠેક વાગ્યે કુબડા ગામની સીમમા કિશોરભાઈ કનુભાઈ કોટડીયાની વાડીએ કામ કરતાં હતાં. ત્યારે તેમણે પહેરેલ ટી-શર્ટ થ્રેસરના વરમમાં વીટાળાઈને ભીસાઇ જવાથી છાતીની જમણી પાસળીઓમાં ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ગુરૂવારે બનેલ બનાવની ફરિયાદ નોંધાઈ

# રાજુલાનાં પેટ્રોલ પંપનાં કર્મચારીને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ

**પોલીસે આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૮

રાજુલા જવાહર રોડ શ્યામ કોમ્પ્લેક્ષની સામે રહેતા પ્રકાશભાઈ મણીલાલભાઈ સંઘવી નામના ૬૨ વેપારીનો હિંડોરણા ગામે ચોકડી ઉપર ચેતન ઓટો સપ્લાયર્સ નામના પેટ્રોલ પંપમાં રાજુલા ગામે રહેતા આરોપી શિવાભાઈ વાલાભાઈ ધાખડાએ ગત તા.૧૬ના સાડા નવેક વાગ્યે પેટ્રોલપંપ પર આવી પરેશભાઈને જેમ-ફાવે તેમ ગાળ ો આપી પેટ્રોલપંપ સળગાવી દેવાની ધમકી આપી બાદમાં પોણા બારેક વાગ્યાના અરસામાં આરોપી ફરી એક વખત પેટ્રોલપંપ પર પોતાના હાથમાં પેટ્રોલની બોટલ તથા માચીસ તથા અન્ય સ્ફોટક પદાર્થ લઈને આવી પેટ્રોલપંપના યુનિટ પાસે જઈ પેટ્રોલ ભરવાની નોઝલમાં માચીસની દિવાસળીથી આગ લગાવી દીધી હતી. તથા ઓઈલના પાઉચમાં આગ લગાડેલ હતી. તથા પેટ્રોલપંપ પર કામ કરતા ફીલિંગમેનોને જેમ-ફાવે તેમ ઢ ીકાપાટુનો માર મારી અને પેટ્રોલ પંપથી બહાર પડેલ એક ટ્રક નં.જીજે.૧૪.ઝેડ. ૫૭૩૫ વાળામાં સ્ફોટક પદાર્થથી આગ લગાવી ટ્રક ડ્રાઈવરને પણ જેમ ફાવે તેમ માર મારી ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## એડવોકેટ અજય પંડયાની દલીલો સફળ

# જાફરાબાદનાં કેરાળા ગામે ખેતરમાં વાવેલ ગાંજાનાં કેસમાં આરોપી નિર્દોષ

**સાવરકુંડલા એડીશનલ સેશન્સ કોર્ટનો ચુકાદો**

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ તાલુકાનાં કેરાળ ા ગામે ખેતરમાં વાવેલ ૧૭ કિલો ગાંજાના કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ સાવરકુંડલાની એડી. સેશન્સ કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. વિગત એવા પ્રકારની છે કે, તા. ૨૩/૧૧/૨૨ ના જાફરાબાદ ટાઉન પો.સ્ટે.માં પો.કો. પરેશ ચૌહાણને બાતમી રાહે હકીકત મળેલ કે જાફરાબાદ પો.સ્ટેની હદમાં કેરાળા ગામના રહીશ નારણભાઈ કરશનભાઈ સાંખટ તેની કબ્જા ભોગવટાની વાડીમાં/ખેતરમાં ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરેલ હોય જે અનુસંધાને પી.આઈ. વિરાણી એસ.ઓ.જી. શાખા દ્વારા તેની સાથેના પોલીસ અધિકારીઓ તથા સરકાર પંચો અને એફ.એસ.એલ. અધિકારી સાથે બપોરના ત્રણ કલાકે બનાવવાની જગ્યાએ રેડ કરતા આરોપીના ખેતરમાંથી કપાસના વાવેતર સાથે ગાંજાનું વાવેતર કરેલુ હોય કુલ ૧૭ કિલો ગાંજાના છોડ મળી આવેલ હોય વિગતવારના પંચનામા સાથે કબ્જે કરી આરોપી વિરૂધ્ધ ગુનો નોંધવા આવેલ. જે ગુનાના કામે આરોપી વિરૂધ્ધ તપાસ પુરી થતા



ચાર્જસીટ નામ. કોર્ટમાં રજુ થતાં સદરહું કેસ નામ. એડી. સેશન્સ કોર્ટે સાવરકુંડલા ખાતે ચાલી જતાં ફરિયાદ પક્ષ દ્વારા કુલ દસ સાહેદોને તપાસવામાં આવેલ હોય ત્યારબાદ આ તમામ સાહેદોની જુબાનીઓ તથા પડેલ પુરાવાઓ જોતા એન.ડી.પી.એસ. એકટ મુજબની સંપૂર્ણ કાર્યવાહી અને જોગવાઈઓ મુજબનો કેસ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ અસફળ રહેલ હોય અને આરોપી તર્ફે વકીલ સંજય પંડયાની વિગતવારની દલીલો તથા સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના તમામ રજુ રાખેલ જજમેન્ટોના આધારે નામ. કોર્ટ આરોપી તર્ફે દલીલો માન્ય રાખી, આરોપી નારણભાઈ કરશનભાઈ સાંખટને છોડી મુકવા હુકમ કરેલ છે. આ કામે આરોપી તર્ફે વકીલ અજય પી. પંડયા રોકાયેલ હતા.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ગામ દેવળીયા મોટા ની ખેતીની જુની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલિકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ભરતભાઈ મીઠાભાઈ બોદર | ૧૭૪૧ | ૫૪૭/૧અ પૈકી ૧૨/ પૈકી ૧ | ૦-૯૭-૧૩ | ૭.૮૦ |

**સદરહું જમીન ઉપરોકત વિગતે શ્રી ભરતભાઈ મીઠાભાઈ બોદર, ની સ્વતંત્ર માલિકી, કબ્જા અને ભોગવટાની આવેલ છે. જે સદરહું ખેતીની જમીન મારા અસીલે ખરીદ કરવાનું** નકકી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ-૦૭ (સાત)માં સદરહું જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લીયન, વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષીસ, વેચાણ, સાટાખત, હકક અધિકાર, ભરણપોષણનો હકક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પૂરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહીં તો જે કોઈનો હકક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે વેચાણ વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધાઓ મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આથી સર્વેએ નોંધ લેવી.

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

તારીખ :- ૧૮/૧૦/૨૦૨૫
ઓફીસ : મામલતદાર ઓફીસ સામે,
મર્કેનટાઈલ બેંક નીચે મુ. બાબરા.
જિ. અમરેલી, મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ & નોટરી)**


શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શુભ દિપાવલી અને નુતન વર્ષાભિનંદન
અમારૂ શિક્ષણ કાર્ય એ જ અમારી વિશેષતાઓ.
સ્કુલ-કોલેજ-હોસ્ટેલ તરફથી દિપાવલી અને નવા વર્ષની શુભકામનાઓ
અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા
:: સ્કુલ કાર્યક્ષેત્ર ::
નર્સરી થી ધો. ૧૨, (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી/ અંગ્રેજી/ મિત્ર ગર્લ્સ / બોયઝ
:: હોસ્ટેલ કાર્યક્ષેત્ર ::
ધો. ૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ અલગ અલગ હોસ્ટેલ કેમ્પસ સુવિધા
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કુલ
સ્થળ : વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૯૦૯૯૦ ૯૮૨૨૦




અમરેલીના લોક લાડીલા યુવા ધારાસભ્ય **શ્રી કૌશિક વેકરિયા** ને ગુજરાત સરકારનાં પ્રધાન મંડળમાં રાજયકક્ષાના મંત્રી તરીકે કાયદો અને ન્યાયતંત્ર,ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ,વૈધાનિક અને સંસદીય બાબતોની જવાબદારી સોંપાતા સમગ્ર જિલ્લાનું ગૌરવ વધેલ છે. અને તેઓ વિકસિત ભારત અને વિકસિત ગુજરાત અભિયાનને આગળ વધારવામાં સફળ રહે અને સમગ્ર અમરેલી જિલ્લાનો સર્વાંગી વિકાસ કરવામાં સફળ રહે તેવી હાર્દિક શુભકામનાઓ....

**શુભેચ્છક**

| જયેશ નાકરાણી | ભાવીન સોજીત્રા | પી.પી.સોજીત્રા |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | ડીરેકટર |

**તમામ ડીરેકટર્સ તેમજ કર્મચારીગણ**

## અમરેલી નાગરિક સહકારી બેન્ક લિ. અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)